જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૧/૨૦૧૯  ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૩/૧૯

### નરોડા પો.સ્ટેના છેલ્લા ૮ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડતી જીઆઈડીસી વટવા પો.સ્ટે સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબ અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ સાહેબ નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓને પકડવાની મળેલ સુચના અનુસંધાને તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન સાહેબ નાઓના માર્ગદર્શન તળે જીઆઈડીસી વટવા પો.સ્ટે પોલીસ ઈન્સ્પેક્ટર ડી.આર.ગોહિલ સાહેબની સુચના અનુસંધાને સર્વેલન્સ પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા તથા અહેકો બળવંતસિંહ મંગળસિંહ બ.નં ૯૩૧૬ તથા અપોકો ભરતસિંહ ભુપતસિંહ બ.નં ૧૦૧૪૩ તથા અપોકો વિક્રમસિંહ રણજીતસિંહ બ.નં ૩૩૯૫ નાઓએ સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પોસઈ વિરેન્દ્રસિંહ.એન.વાઘેલા નાઓની બાતમી હકીકત આધારે નરોડા પો.સ્ટેના ફ.ગુ.ર.નં ૬૨૨/૨૦૧૦ ઇપીકો કલમ ૨૭૯,૩૭૯ એમ.વી.એક્ટ કલમ ૧૮૪,૧૭૭,૧૩૪ મુજબના કામના વૉન્ટેડ આરોપી **શ્યામારામ મગારામ જાટ ઉ.વ- ૪૨ રહે- ગામ- નોખ તા-જી બાડમેર રાજસ્થાન** નાને જશોદાનગર ચાર રસ્તા પાસે આવેલ એસ.ટી સ્ટેન્ડથી પકડેલ છે.સદરી આરોપીને તા:૦૨/૦૧/૧૯ ના ક:૧૨/૩૦ વાગે સી.આર.પી.સી ૪૧(૧)(આઇ) મુજબ ઉપરોક્ત ગુનાના કામે અટક કરી સારી કામગીરી કરેલ છે.

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

### પાસા હુકમની બજવણી કરવા બાબત

પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧ સા.શ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-3 સા.શ્રી તથા એ.સી.પી સા.શ્રી. "ઇ" ડિવિઝન તથા ગા.હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારુ અસરકારક પગલા લેવા કરેલ હુક્મ અન્વયે સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા સા.શ્રી તથા સ્ટાફના માણસોએ ગાયકવાડ હવેલી વિસ્તારમા ઉઠક બેઠક ધરાવતા રહેતા શાહરુખ ઉર્ફે ભીંડો S/0 અબ્બાસખાન પઠાણ ઉ.વ.૨૬ રહે.૧૫૨ મોચીઓળ કડીયાવાડની મસ્જીદ પાસે જમાલપુર અમદાવાદ શહેર નાઓ શરીર સંબંધી ગુનાઓ કરવાની પ્રવુત્તિ સાથે સંકળાયેલ હોય. સદરી આરોપી વિરુધ્ધ પુરાવા એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નર શ્રી સમક્ષ સાદર કરતા તેઓશ્રીએ પાસા હુકમ ક્માંક પીસીબી/ડીટીએન/પાસા હુકમ નં.પીસીબી/ડીટીએન/પાસા/૬/૨૦૧૯ તા.૦૨/૦૧/૨૦૧૯ અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટ્કાયતિને પાસા હુકમની બજવણી કરી "રાજકોટ મધ્યસ્થ જેલ" ખાતે અટ્કાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામા આવેલ છે.તા-૦૨/૦૧/૨૦૧૯

## બાપુનગર પોલીસ સ્ટેશન

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશરશ્રી '' એચ'' ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી તેમજ મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ અસરકારક અટકાયતિ પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેકટર શ્રી એચ.બી.ચૌધરી બાપુનગર પો.સ્ટે.અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ બાપુનગર વિસ્તારમાં રહેતો **હર્ષદ ઉર્ફે ઢોલીયો શ્રવણભાઇ પ્રજાપતિ ઉવ.૨૯ રહે. રામદેવનગર ની ચાલી, મુરલીધર આઇસ્ક્રીમ બાપુનગર અમદાવાદ શહેર** નાની મિલ્કત સંબંધી તેમજ શરીર સંબંધી ગુનાઓ કરવાની પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય. તેના વિરુધ્ધમાં નોંધાયેલ ગુનાઓ આધારે પુરાવા એકત્રિત કરી પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/પાસા/૦૮/૨૦૧૯ તા.૦૨.૦૧.૨૦૧૯ અન્વયે હુકમ કરતાં મજકુરને આજરોજ તા.૦૨.૦૧.૧૯ ના કલાક ૨૧.૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી '' વડોદરા જેલ'' ખાતે પાસા અટકાયતિને જરુરી જાપ્તા સાથે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૦૨.૦૧.૧૯

### સટ્ટા બેટીગના આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમતા ઇસમને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧ સા.શ્રીની સુચનાથી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-૩ સા.શ્રી તથા એ.સી.પી સા.શ્રી. "ઇ" ડિવિઝન તથા ગા.હવેલી પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા સા.શ્રી તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમા પ્રોહી/જુગારની પ્રવુતી નેસ્તનાબુદ કરવા માટે રાખવામા આવેલ ડ્રાઇવ અનુસંધાને પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો દિપેશભાઇ વાલજીભાઇ બ.નં.૫૭૩૨ નાઓને મળેલ બાતમી હકિકત આધારે બાતમીવાળી જગ્યાએ રેઇડ કરી સટ્ટા બેટીગના આંક ફરકનો વરલી મટકાનો જુગાર રમાડતા ઇસમ નામે ઐયુબભાઇ ઉર્ફે બીડી S/O યાકુબભાઇ જાતે.ચશ્માવાલા(છીપા) ઉ.વ.૫૪ રહે. બ્લોક નં.૭ મ.નં-૨૯/૨ લેબર ક્વાટર્સ કાચા છાપરામા કાચની મસ્જીદ પાસે જમાલપુર અમદાવાદ શહેર નાને પકડી તેની પાસેથી જુગાર રમાવાના સાધનો ચીઠ્ઠી નંગ-૦૧ કિ.રૂ.૦૦/- તથા બોલપેન નંગ-૦૧ કિ.રૂ.૦૦/- ની તથા કુલ્લે રોકડ રૂ.૧૫૦૦૦/- તથા મોબાઇલ નંગ-૦૧ કિ.રૂ.૫૦૦/- જે મોબાઇલ તથા રોકડ રૂપીયા કુલ્લે મુદામાલ રૂ.૧૫૫૦૦/- ની મતાનો મુદામાલ તપાસ અર્થે કબ્જે કરી સદરી ઇસમ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી સારી ગણનાપાત્ર કામગીરી કરવામા આવેલ છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.